॥ ॐ ॥

॥ श्रीगणेशायनमः ॥

બલિરાજા.

(વામન અવતાર)

નાટકનાં ગાયનો.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી માટે

રચનાર.

કવિ ગણપતરામ જેઠાભાઈ ભટ્ટ.

પ્રકાશક.

મૂળજી આશારામ ઓઝા.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળીના માલેક.

સૂર્ય પ્રકાશ થીએટર, સ્ટેશન રોડ-સુરત.

આવૃત્તિ ૧ લી-પ્રત ૫ હજાર.

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત "જૈન" એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપી, ખપાટીઆ ચકલા-સુરત.

સંવત ૧૯૭૪ સને ૧૯૧૮

મૂલ્ય બે આના.

ફુલનો બહાર

માત્ર ચારજ ટીપાં રૂમાલમાં નાખો, એટલે તમારી પાસે ચંબેલીના ફુલનો એક તુરો હોય એવી સુગન્ધ ચાલુ આવ્યા કરશે પણ તેમાં ખાસ ધ્યાન ખેંચનારૂં એ જોશો કે જ્યારે ફુલનો તુરોતેની સુગન્ધ સાંજ પડતાં ખોઇ કરમાઇ જાય છે ત્યારે આ સેન્ટનાં માત્ર ચારજ ટીપાં ચાર દિવસ સુધી ચાલુ સુવાસ આપશે અર્ધા આઉંસની કાચના બુચવાળી સીસીના રૂ. બે અને એક ડ્રામની સુંદર ટયુબના બાર આના.


એકલા આડત્યાઓ:—**મોહિની એજન્સી.**

૩ રીદા બીલ્ડીંગ્સ, જુમામસ્જીદ, મુંબઈ નં. ૨

તરેહ તરેહના સુશોભિત

દાગીનાની જુની વિશ્વાસુ

અને જગજાહેર જંગી દુકાન.



દરેક કોમને લાયકના દાગીના અમારે ત્યાં તૈયાર મળશે બહારગામ વી. પી. થી મોકલવામાં આવશે.

ગેરંટી—અમારે ત્યાંનો ખરીદેલો દાગીનો જ્યારે પાછો લાવો ત્યારે મજુરી કાપી સોનાનાં નાણું પુરેપુરાં પાછાં આપવામાં આવે છે.

નરોત્તમદાસભાઉ-ઝવેરી.

ટેલીફોન નં. ૫૬૫ શેખ મેમણ સ્ટ્રીટ-મુંબઈ.

નામદાર વાઈસરાય સાહેબ

બહાદુરના ઑનરેબલ સરજ્યન જનરલ મરહુમ સર લ્યુકીસ પારડી કે. સી. એસ. આઇ. એમ ડી. ડીરેકટર જનરલ ઑફ મેડીકલ સરવીસવાલા પ્રમુખ હતા તે સ્પેશીયલ રેડ ક્રાસ વૉર હોસ્પીટલ કે જેમાં મેજર ઑનરેબલ સર ઍફ સ્ટેવર્ટ સી આઈ. ઇ, કલકતા તથા મેજર એ, ઇ. વાલ્ટર આઈ. એમ. એસ. જેવા મોટા નામાંકિત સરકારી ડાકટરો અને અંગ્રેજ અમલદારો વ્યવસ્થાપક છે તે હોસ્પીટલમાં, રાજા, મહારાજાઓમાં, નવાબો, નામદાર સરકારના ધારા સભાના ઑનરેબલ મેમ્બરો, સેસન જજ્જો, કર્નલો, મેજરો, કેપ્ટનો, ડેપ્યુટી ડીરેકટર જનરલ ઑફ પોસ્ટ ઑફીસ, નામદાર ઈન્ડીયા સરકારના કોમર્સ અને ઇન્ડસ્ટ્રીયલ ડીપાર્ટમેન્ટના આસીસ્ટંટ, સરકારી સીવીલયન ઑફીસર, પોલીટીકલ એજન્ટ, યુરોપીયન સીવીલ સરજ્યન. લેફટેનન્ટ, આઇ, એમ. એસ, એમ, ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાકટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી યાકુતી** નામની જગ જાહેર દવા બહુ વપરાય છે.

બાદશાહી યાકુતી.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂ. દશ.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીઆવાડ.

॥ श्री गणेशायनमः ॥

બલિરાજા.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

મંગળાચરણ—ઇશ્વર સ્તવન, વસ્તુ સૂચન.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—ક્ષીરસાગર. દેવો અને દાનવોએ સમુદ્ર મંથન કરતાં ઉત્પન્ન થએલા રત્નોની વહેંચણી માટે પરસ્પરમાં તકરાર થતાં દેવપક્ષે સ્વર્ગપતિ ઇંદ્રદેવ અને દાનવપક્ષે શોણિતપુર પતિ મહારાજા બલિરાયનો વિવાદ, ભગવાન વિષ્ણુ પરમાત્મા અને મહાદેવ શંકર ભગવાનનું પ્રકટ થવું અને દેવ દાનવોને યથાયોગ્ય રત્નોની વહેંચણી કરી આપવી. સમુદ્રમાંથી ઉત્પન્ન થએલાં શ્રી લક્ષ્મીદેવીએ વિષ્ણુ પરમાત્માને વરમાળા અર્પણ કરવી. વિષ્ણુ પરમાત્મા અને શંકર ભગવાનનું વિદાય થવું. અમૃત માટે દેવ-દાનવોમાં તકરાર થતાં ભગવાન વિષ્ણુ પરમાત્માનું મોહિની સ્વરૂપે પ્રકટ થવું. બલિરાજાને ઉત્પન્ન થએલો મોહ, મોહિનીના હાથે અમૃતની વહેંચણી

થવા બંને પક્ષની કબુલાત. દેવોને અમૃતપાન, કપટથી રાહુએ અમૃતપાન કરવા જતાં રાહુનો શિરચ્છેદ.

પ્રવેશ ૨ જો—ત્રંબકરામ જોશીનું ઘર. ત્રંબકરામ તડાકીયાના લોભી વિચારો. જુવાનીના મદમાં મસ્ત બનેલી જોશીની નવી સ્ત્રી લાડવઈની સ્વતંત્રતા, જોશીનો કંટાળો.

પ્રવેશ ૩ જો—શોણિતપુરનો બગીચો. રાજકન્યા રત્નમાળા અને સખીઓ, ઈંદ્રકુમાર જયંત ઉપર મુગ્ધ બનેલી રત્નમાળાની સખીઓમાં વિનોદ યુક્તચેષ્ટા. જયંત કુમારનું આગમન. રત્નમાળા-જયંતનો પ્રણય. અકસ્માત બલિરાયનો પ્રવેશ. જયંતકુમારને જોઈ બલિરાયનો ક્રોધ. તેને કેદ કરવા શુંભ-નિશુંભ નામના વીરદાનવોને આજ્ઞા કરી બલિરાયનું વિદાય થવું. જયંતે રત્નમાળાનું હરણ કરી આકાશમાર્ગે ગમન કરવું. શુંભ-નિશુંભ સ્તબ્ધ. ટેબ્લો !

પ્રવેશ ૪ થો—બલિનો રાજમહેલ. કુમારી રત્નમાળાનું હરણ થવાથી ક્રોધયુક્ત બલિરાય, રાણી વિંધ્યાવલીનું સાન્ત્વન. ઈંદ્ર સાથે વેર લેવા રાજગુરુ શુક્રાચાર્યની સલાહ, જયંત તથા ઈંદ્રને કેદ પકડવા શુંભ-નિશુંભને આજ્ઞા.

પ્રવેશ ૫ મો—ઈંદ્રનો મહેલ. દેવગુરુ બૃહસ્પતિ અને ઈંદ્રનો વાર્તાલાપ. દેવર્ષિ નારદનું આગમન, દેવોએ

અમૃતનું પાન કરી જવાથી બલિરાજા દાનવસેના સાથે અમરાવતીપર ચડાઈ કરનાર છે એવા સમાચાર આપવા. અમર ગણો ત્રિકુટ પર્વત ઉપર વિહાર કરવા ગયેલા હોવાથી દેવસેનાના અભાવને લેઈ ઇંદ્રની ચિંતા. બ્રાહ્મણ વેષે બલિરાયની ચાર માસ માટે યુવાવસ્થા માગી લેવા નારદમુનિએ બતાવેલી યુક્તિ.

પ્રવેશ ૬ ઠ્ઠો—રત્નમાળાનું રંગભુવન. જયંતકુમાર અને રત્નમાળા, પરસ્પર શૃંગાર ચેષ્ટા તથા ઇંદ્રકુમારી જયંતીનો રત્નમાળા સાથે હાસ્યવિનોદ.

પ્રવેશ ૭ મો—રાજ્યમાર્ગ. દેવદર્શન કરવા નીકળેલી ત્ર્યંબકરામ જોશીની પરણીઆણી લાડવઈ, રસ્તામાં જોશીનો મેળાપ. જોશીની જુની સ્ત્રીનો કાણો છોકરો ચંદ્રશંકર કુંવારો હોવાથી લાડવઈનું જોશીને મેણું. યુક્તિપૂર્વક પ્રપંચથી ચંદ્રશંકરનાં લગ્ન કરવા જોશીનો નિશ્ચય. વૈદ ફરશુરામ ફડાકીયાનું આવવું, પોતાની લંગડી છોકરી દેવપુતળી ઉંમર લાયક થવા છતાં તેનું લગ્ન ક્યાંઇ કયુંજ નહિ કરવાથી કોઈ અજાણ્યા હૈયાફુટાને ફસાવી ચોકઠું બેસાડવાનો વિચાર. તડાકીયા જોશી અને ફડાકીયા વૈદની મુલાકાત. એકબીજાએ યુક્તિપૂર્વક લગ્ન નક્કી કરવાં. ન્યાતિગોર વીઝણાશંકરશુકલનું આવવું, પોતાનાં છિદ્રો સંતાડવા વૈદ જોશીએ

શુકલને આપેલી લાલચ. લાલચમાં લલચાઇને વીંઝણાશંકરે લાકડે માંકડું વળગાડવું. વેવાઇઓએ લગ્નનું સાટું કરી ગળ્યાં મોઢાં કરી પોતપોતાની ઠગાઇથી ખુશી થવું.

પ્રવેશ ૮ મો—બલિરાયની રાજસભા. અમરાવતી પર ચડાઇ કરી ઇંદ્ર સાથે યુદ્ધ કરવા વીરદાનવોને બલિનું ઉત્તેજન. બ્રાહ્મણ વેષે ઇંદ્રનું આગમન. ઇચ્છિત દાન આપવા બલિરાયનું વચન. રાજગુરુ શુક્રાચાર્ય અને નારદમુનિએ ઇંદ્રનો પ્રપંચ ખુલ્લો પાડવો. બલિનો ક્રોધ અને ઇંદ્રને કેદ કરવો. ટેબ્લો !

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—ઉપવન. હરિકીર્તન કરતા નારદમુનિ અને બૃહસ્પતિનો મેળાપ. બલિરાજા અમરાવતી ઉપર ચડી આવતા હોવાથી ઇંદ્રાસનના રક્ષણ માટે બૃહસ્પતિને નારદની સૂચના.

પ્રવેશ ૨ જો—ઇંદ્રનો દરબાર. ઇંદ્રરાયને બલિરાજાએ કેદ કરવાથી દેવસભામાં ગ્લાની. ઇંદ્રને મુક્ત કરવા ઇંદ્રાણી શચીદેવીનું દેવોને સૂચન. બલિરાજાનું ચડી આવવું, ઇંદ્રાસન સાથે શચીને પોતાને સ્વાધીન થવા બલિની માગણી. શચી અને બલિનું વાગ્યુદ્ધ, બલિને બૃહસ્પતિનો સદુપદેશ, અભિમાનમાં અંધ થએલા

બલિએ ઇંદ્રાસન પર બેસવા જવું; દૈવી ચમત્કાર દેખાશે !

પ્રવેશ ૩ જો—રત્નમાળાનું અંતઃપુર. બલિરાજાએ પોતાના પિતા ઇંદ્રદેવને બંધનમાં નાખવાથી જયંતની દિલગીરી, રત્નમાળાનું સાન્ત્વન. શચીદેવીની આજ્ઞાનુસાર જયંતને તેડવા પરિચારિકાનું આવવું, જયંતનું માતા પાસે જવું. બલિનો પ્રવેશ, રત્નમાળાને પોતાની સાથે આવવા સમજાવવું; રત્નમાળાની દૃઢ સ્વામી ભક્તિ. જયંતનું આવવું, બલિને જોઈ જયંતનો ક્રોધ. બલિનો પ્રપંચ યુક્ત વાત્સલ્ય ભાવ, જાહેર લગ્નથી રત્નમાળાનું કન્યાદાન આપી ઇંદ્રને મુક્ત કરવાની સરતથી જયંત તથા રત્નમાળાને શોણિતપુર લઇ જવાં.

પ્રવેશ ૪ થો—કુરશુરામ વૈદનું ઘર. લુલી છોકરી દેવપુતળીના વિવાહ સંબંધી પોતાની સ્ત્રી સૂરજ સાથે વાતચીત, ધણીધણીઆણી હર્ષઘેલાં.

પ્રવેશ ૫ મો—લક્ષ્મીભુવન. સાગર તનયા લક્ષ્મીજી અને વિષ્ણુ ભગવાનનો વાર્તાલાપ, ભક્તાધીન ભગવાનની ભક્તો પ્રત્યેની વાત્સલ્યતા.

પ્રવેશ ૬ ઠ્ઠો—રાજમહાલય. શતઅશ્વમેધ યજ્ઞના મહાન પુરુષાર્થના ફળરૂપ ઇંદ્રાસન પ્રાપ્તિ હોવાથી બલિરાજાએ નવ્વાણું અશ્વમેધ પૂર્ણ કર્યા છે છતાં સોમો અશ્વમેધ યજ્ઞ કરવા બલિરાજાને શ્રીમાન્ ગુરુ શુક્રાચાર્યજીની આજ્ઞા.

પ્રવેશ ૭ મો—મહર્ષિ કશ્યપનો આશ્રમ. અસુરોના ત્રાસથી દેવતાઓને મુકત કરવા દેવતાઓની માતા અદિતિ દેવીની તપશ્ચર્યા, વિષ્ણુ ભગવાનનું પ્રકટ થઇ વામન અવતારથી દાનવોના ત્રાસથી દેવતાઓને મુકત કરવા વરદાન આપવું.

પ્રવેશ ૮ મો—રાજ્ય માર્ગ. ત્રંબકરામ જોશી તથા તેની સ્ત્રી લાડવાઇએ ચુંદડી ઓઢાડવાને બ્હાને કન્યા જોવા વેવાઇને ઘેર જવા નીકળવું. ફરશુરામ વૈદ તથા તેની ધણીઆણી સુરજે વરને સાકરનો પડો આપવાના બ્હાને દેવપુતળીના વરને જોવા વેવાઇને ઘેર જવા નીકળવું, વેવાઇશાળીયાંનો મેળાપ, એક બીજાની ઠગાઇ, વીંઝણાશંકર શુકલનું આવવું અને ચંદ્રશંકર—દેવપુતળીનાં લગ્ન માટે ફાગણ શુદિ પુનમનો દિવસ નક્કી કરવો.

પ્રવેશ ૯ મો—કારાગૃહ. બલિના પ્રપંચ યંત્રમાં સપડાએલો ઇંદ્રકુમાર જયંત કેદી દશામાં, બલિનો પ્રવેશ, જયંત ઉપર જૂલમ, જયંત ઉપર થતો જૂલમ અટકાવવા પોતાના પિતા બલિને રત્નમાળાની

૧૩૫૮

આજીજી. પુત્રી પ્રત્યે પિતાનો ક્રોધ, રત્નમાળાનો કરુણા વિલાપ. કઠોર હૃદયના બલિએ પુત્રીનો ઘાત કરવા તૈયાર થવું, દેવતાઓની સેનાના નાયક કાર્તિકેયસ્વામીએ વજ્ર કિલ્લો તોડી ઇંદ્રને બંધન મુક્ત કરવાના સમાચાર. બલિએ ગભરાવું, ઇંદ્ર સાથે કાર્તિકેય સ્વામીએ આવી પહોંચવું, જયંત–રત્નમાળાને બંધન મુક્ત કરી અમરાવતી લેઇ જવાં. અકસ્માત ભયાનક સંયોગોથી બલિનું આશ્ચર્ય થવું.

ટેબ્લો !

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—ઇંદ્રનો દરબાર. બલિરાજાએ આરંભેલા અશ્વમેધ યજ્ઞથી દેવતાઓમાં અસંતોષ, યજ્ઞ અપૂર્ણ રહેવા સંબંધી નારદનું સૂચન.

પ્રવેશ ૨ જો—ત્ર્યંબકરામ જોશીનું ઘર. ચંદ્રશંકરના લગ્નના વરઘોડાની તૈયારી.

પ્રવેશ ૩ જો—કશ્યપ મુનિનો આશ્રમ. બલિના યજ્ઞમાં પધારવા કશ્યપ મુનિને મહર્ષિ અગસ્તનું આમંત્રણ મહામુનિ કશ્યપ અને બટુક વામનનું યજ્ઞમાં જવા વિદાય થવું.

પ્રવેશ ૪ થો—લગ્ન મંડપ. ચંદ્રશંકર તથા દેવપુતળીનાં લગ્ન. એક બીજાનાં પોગળ ખુલ્લાં કુંથવાં.

પ્રવેશ ૫ મો—અંતઃપુર. જયંત–રત્નમાળાનો શૃંગાર વિનોદ.

પ્રવેશ ૬ ઠ્ઠો—યજ્ઞમંડપ. યજ્ઞમંડપ સ્થાનમાં ઋષિ મહર્ષિઓનાં સમીપે આચાર્યપદે બિરાજતા મહર્ષિ કશ્યપ તથા શુક્રાચાર્યની આજ્ઞાથી રાજા બલિનું બ્રાહ્મણોને ઇચ્છિત દાન આપવા તત્પર થવું. બલિનો ગર્વ. બટુક વામને ત્રણ પગલાં ભૂમિનું દાન માગવું, બલિનો સંકલ્પ; ભૂમિનું દાન નહિ આપવા શુક્રાચાર્યનો આગ્રહ. બલિની દૃઢ ટેક, ભૂમિ દાન અભિમાનથી આપવા તૈયાર થવું. ત્રણ પગલાં ભૂમિ ભરી લેવાનું કહેતાં વામને વૈરાટ સ્વરૂપ ધારણ કરી બે પગલાંથી આકાશ પાતાળ ભરી લેવું, વિષ્ણુ ભગવાનનું પ્રત્યક્ષ થવું. બાકી રહેલા એક પગલા જેટલી ભૂમિ માટે માગણી; દાનવીર બલિરાજાએ પોતાના બ્રહ્મરંધ્રથી પૂરી કરી આપવા તૈયાર થવું, બલિને પાતાળમાં ચાંપવો. અચલ ટેક ધારી બલિરાજાની વિશુદ્ધ ભક્તિથી વિષ્ણુ પરમાત્માએ પ્રસન્ન થવું, પાતાળના સૌરાષ્ટ્ર મંડપમાં બલિરાજાનો રાજ્યાભિષેક. નાટ્ય પ્રયોગની પૂર્ણાહુતિ અને અંતિમ્ આનંદ. શાન્તિઃ

મુખ્ય પાત્રો.

બલિ—દાનવપતિ વિરોચનનો કુમાર.

ઇન્દ્ર—દેવતાઓનો સ્વામી.

બૃહસ્પતિ—દેવતાઓના ગુરુ.

શુક્રાચાર્ય—દાનવોના ગુરુ.

શુંભ
નિશુંભ }—બલિરાજાના મહારથી સરદાર.

જયંતકુમાર—ઇન્દ્રનો પુત્ર, રત્નમાળાનો પતિ.

કાર્તિકેય સ્વામી—ભગવાન શંકરના પુત્ર, દેવતાઓના સેના નાયક.

કશ્યપ મુનિ—ભગવાન મરીચિના પુત્ર, દેવ તથા દાનવોના પિતા.

વામન દેવ—વિષ્ણુનો અવતાર, કશ્યપ તથા અદિતિના પુત્ર.

ત્ર્યંબકરામ—એક તડાકીઓ જોશી.

ફેરશુરામ—એક ફડાકીયો વૈદ્ય.

વિંઝણાશંકર—ન્યાત ગોર.

સ્ત્રી પાત્રો.

રત્નમાળા—બલિરાજાની પુત્રી.

લક્ષ્મી—સમુદ્રમાંથી ઉત્પન્ન થએલી દેવી.

મોહિની—દાનવોને છળવા વિષ્ણુએ લીધેલું સ્ત્રી સ્વરૂપ.

શચી—ઇન્દ્ર પત્ની.

જયંતી—ઈન્દ્રની પુત્રી.

અદિતિ—વામનની માતા, કશ્યપનાં પત્ની.

માનલીલા
વસંતી }—રત્નમાળાની સખીઓ.

વિંધ્યાવલી—રત્નમાળાની માતા, બલિની પત્ની.

લાડવઈ—તડાકીયા જોશીની સ્ત્રી.

સૂરજ—ફડાકીયા વૈદ્યની સ્ત્રી.

એ સિવાય—શંકર, વિષ્ણુ, નારદ, સૂર્ય, ચંદ્ર, અસુરો, દેવો, ઋષિયો, દાસ, દાસીઓ, વગેરે વગેરે.

ॐ

॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीमद् बाव सद्गुरवे नमः ॥

બલિરાજ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સૂત્રધાર— ૧

આનંદ પ્રભાત સ્મરું બ્રહ્મ નામ,
સુખ ધામ શ્યામ પૂરણ કામ—આનંદ૦
રવિ કિરણ ઉજાશ, સહુ તિમિર નાશ,
પંકજ પ્રફુલ્લ, ગુલાલ લાલ—આનંદ૦
વન ભ્રમર કેલિ કલી ગુંજે સાર,
વિભુ ચરણ શરણ સ્તવે નરને નાર;
કૃતિ નવીન નાટ્ય રસ અધિક ધાર,
અમી ઝરણ દેવ ધરો અમીની ધાર;
ગજ વદન સ્વરૂપ આદિ ॐ કાર,
પદ કમળ નામું શિશ વાર વાર—આનંદ૦

આર્યબાળા— ૨

વિશ્વના વિહારી, વારી વારી બલિહારી નાથ,
ત્રિભુવન અકળિત કળા તમારી બલિહારી નાથ,

સુખકર દુઃખહર નટવર દીનના,
તન મનના નિજ જનના પ્રભુ પ્રણુત પાળ-વિશ્વ.
ભકત મણિ બિરદ પાળ સ્વામી
બહુ નામી, સુખ ધામી કેશવ કૃપાળ-વિશ્વ.

લક્ષ્મી— ૩

રત્નાગરની કન્યકા, લક્ષ્મી નામ રસાળ,
લાયક સ્વામી શોધીને આરોપું વરમાળ;
દેવ મંડળ શ્રીમાન્ મળયા, સાગર ત્રટ જાણુ,
પ્રગટી પદ્મા રસાળ, ઉરમાં આણી વ્હાલ—દેવ.
સુંદર દેવાંશીદેવ, કરું શુધ્ધ મનથી સેવ,
અતિ આનંદ સુખ સાજ, સોંપું વરમાળ આજ—દેવ.

મોહિની— ૪

છોટીસી મોહનીયાં કો, જોબન ગુમાન હય,
છાઇ હય બસંત મેરા, મદન મેમાન હય—છોટી.
ફુલનકી સારી ભલી, સબી ફુલનકે સાજ,
જોબન ગુલાબી ફુલકી, મજા લુંટ મહારાજ;
છોટી છતીયનકી છટા, છોટા બાલમ છેલ,
છોટી નાજુક નાજની, છોટી ફુલનકી સેર—છોટી.
આશુક માશુક મીલ રહે, ખીલ રહે રજનીચંદ;
છાયો જોબન બાગમેં, મદન ગુલાબીરંગ—છોટી.

ઝંભકરામ— ૫

સંસારે સાચું રામનું નામ,
માત્ર એક દામ દામ ને દામ;
વાહ ભાઈ દામ, વાહ ભાઈ દામ.—સંસારે.
દામવંત તે સહુથી ડાહ્યો, હોય ભલેને હજામ;
દામવંતના દ્વારે જઈ સહુ, સો સો ભરે સલામ.—વાહ.
પંડિત કાજી પ્રવીણ પુરાણી, રાજા રંક તમામ;
વૈદ વકીલને વેશ્યા સર્વે, દામની પાસે ગુલામ.—વાહ.

લાઠવઈ— ૬

કયાંયે સરખી સમાણી જોડી ના મળે
સુનો લાગે સંસાર, એળે જાએ અવતાર—કયાંયે.
ખીલી જોબન ફુલવાડી, પહેરી પચરંગી સાડી;
કંચુકી કમાનવાળી, મારી આંખડી અણિયાળી,
યોવન બહાર જાયરે.—કયાંયે.
ચંપા કળી સુંદર સરસ, ભ્રમરો સુગંધીના લહે,
કંટક છતાં ગુલાબ કળિપર, ભ્રમરજી રાજી રહે;
કસ્તુરી કાળા રંગની, ઉત્તમ સુગંધી છે ભરી,
હું છું રૂપાળી પદમણી તે, મૂર્ખને પાલે પડી—સુનો.

લાઠવઈ— ૭

છોને કહેતા છકેલી, રંગીલા મને છોને કહેતા છકેલી,
હું તો જોબનમાં ઘેલી બનેલી—રંગીલા મને૦
બાળબગીચાની રહેલ બહુ સુંદર જાણે શું ઘરમાં ગોંધેલી,

બદામી હલવોને ધારી જલેબી, તાજી તાજી ખાઉં પહેલી;
—રંગીલા.

સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર,
સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી;
પોલકાં ને ચોળિઓનો પાર નહિ મારે,
લટકેથી લુંટી લાવેલી—રંગીલા મને૦

નવસેરા હાર સાચા મોતીના સુંદર,
બંગડીઓ માણેક મઢેલી;
લુમણાં ને ઝુમણાં લાડવઇ પહેરતી,
વિદ્યા હું પાકી ભણેલી—રંગીલા મને૦

રત્નમાળા— ૮

બાળાલતા સખી જો, શી આ મંદ મંદ ડોલે,
નિર્લજ વાયુ તેની, યુવા આનંદ જોલે,
પવને સખી ચુંબિત આલતિકા;
દીસતી નિજ ગાત્રથી કંપિતહા,
કરતી કળી સ્મિતથી, ભાવ છતાં;
મુખપટ ઘુંઘટ ખોલે—બાળાલતા

દાડીમ ફૂળ જો પકવ આ ફુટી રક્ત શાં દેખાય છે.
સખી—જાણે તરુણી સ્તન પરે, સ્મર તીર ચિન્હ જણાય છે.
રત્ન—આ કેતકી કરવત સમી, વિરહી હૃદય જોતાં ચીરે;
સખી—ચંપા કળી દીપજ્યોતિસમ, વિયોગી જન જોઇ પરજળે.
રત્ન—અલી જો અલી કલીથી રતિ મંત્ર ગુપ્ત બોલે—બાળાલતા.

સખી- ૯

મારી સજની, તું ક્યાં રમી આવી રજની, સાચું બોલ બોલ બોલ!

રત્નમાળા-શાણી સૈયર, તું શીદને આળ ચડાવે, કેડો છોડ છોડ છોડ.

સખી-હમણાં માળા ગુંથી હતીને, હમણાં કેમ કરમાણી !
પરસેવો તને ક્યાં વળ્યો, તારી ભમ્મર ક્યાં ભીંજાણી-સાચું૦

રત્ન-કાળો ભ્રમરો શિર પર બેઠો, ઉરાડતાં ગભરાણી,
લાપોટે લટ છુટી ગઇ, મારી ભમ્મર ત્યાં ભીંજાણી-કેડો૦

સખી-કસ્તુરી તારા અંગે મહેકે કુસુમ કળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી, મળીયો કોણઠગારો-સાચું૦

રત્ન-ચંદ્ર સરોવર નહાવા ગઇતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી-કેડો૦

રત્નમાળા— ૧૦

લેશો સેવા સ્વામીજી આ સ્વીકારી.

જયંત—..................હર્ષ ધારી.

રત્નમાળા-નમન મરતક મણિતેજ તેજવારી ચર્ણ લઉં પખાળી-લેશો.
મધુર વચન મધુધારા, પ્યારા લ્યો મધુપર્ક ધારી;
અર્પું દર્ભાસન પ્રાણાત્મા બીછાવી.
કરું કર પુટ અંજલીથી સેવા ભાવી, હર્ષધારી.

શુક્રાચાર્ય— ૧૧

નિજક્ષાત્ર ધર્મ ઉર ધારી,
સુભટ કટક ભટ શસ્ત્ર સજીને;

રણાંગણ યુદ્ધ વિચારી-નિજ.
છેદી ભેદી શત્રુ ભૂમિતળમાં,
વિજય કીર્તિ વર ભારી-નિજ.
અખંડ પ્રચંડ બળ ખંડન કરીએ,
અક્ષય અરિગણ મારી-નિજ.

નારદ— ૧૨

કાયર તે નરને સમજો જે કરમે હસ્ત મૂકી ફરતા,
નસીબ માની બેસી રહેનારા, દીઠા રઝવડતા—કાયર૦
ઉદધી અંદર ઉતરતા તે, મોતી પામી નિકળતા,
તીરે રહી જોનાર તમાસો, નહિ કોડી મેળવતા—કાયર૦
નાનું બાળક ભણતાં પંડિત, પાણુ ઘંસે છે દોરી;
ભાગ્ય કસોટી ઉદ્યમ કરીને, તજી નિરાશા ઝોળી—કાયર તે૦

રત્નમાળા— ૧૩

કુમ કુમને પગલે રંગ ભુવનમાં;
રસિક કુંવર તમે ચાલો.
જયંત—ગજગમની પદમણી રતિરમણી;
પ્રિયા અનંગ રંગમાં મ્હાલો.
રત્નમાળા—મણિ મુકતાનો હાર રસીલા,
તમ કંઠે સોવરાવું;
અંગ ઉમંગ જોબન બાજઠપર,
પાતળિયા પધરાવું—કુમ કુમ.
જયંત—ગૌર ગુલાબી ગાલપર, સુંદર બિંદુશ્યામ;
માનો ચંદ્ર બીછાવીને, બેઠા શાલિગ્રામ.

રત્નમાળા—... ... ... કુમ કુમને.
બાળા જોબન મંદિરે, મદન રાજનો મહેલ;
અણમૂલ મોતી માનુની, સમજો શાણા છેલ–કુમ કુમને.

રત્નમાળા— ૧૪
જાઓજી રાજ તમથી હારી,
જયંત—શરમાઓ ન પ્યારી;
પુષ્પ વેણી લઉં સમારી,
રત્નમાળા—ઠગાઇ તમારી.—જાઓજી.
જયંત—લાગ્યાંશ્રમ બિંદુ ચંદ્રકભાલ પરજો પ્યારી,
અંકિત કપોલે ચંદન હંસ મુકતા ધારી;
ચુમવા મન કરતા ભરમાયા જોઇ વારી,
રત્નમાળા—લજ્જા શું વિસારી.—જાઓજી.

૧૫

જયંતી—વશ કીધો તેં વીર મારો, જે ગુણિયલને બહુ સારો,
રત્નમાળા-નથી વાંક જરા કાંઇ મારો, નણદલ તમ વીર ઠગારો;
રંગ ભુવનમ હતી એકલી, આવી અડપલું કરી ગયા,
ચુંબન કરી ભરી અંક મીલાવી, મોહન મનડું હરી ગયા—નથી;
સખી—વસંત જોબન ફુલવાડીમાં, ભૂલો પડી ગયો ભ્રમરો,
જયંતી—લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો—વશ.
રત્નમાળા-શરમાળે મને સાન કરીને, કંચુકીની કસ છોડી,
હૃદય ધરાપર ચન ચન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી;
સખી—વદન ચંદ્ર છબી રતિ લજાવે, ભ્રગુટીકામણ ગારી,
જયંતી—બંધુ મારો સરલ હૃદયનો, કળા અજબ છે તારી—વશ.

લાડવઇ— ૧૬

હું ચાલું લટકતી ચાલે, છેલા ફુલ છડીઓ આલે;
ખાવું ખીસ્સામાં ઘાલે, પૈસા વાપરવા આલે,
રંગીલી ખીલતી જુવાની..............
ત્ર્યંબક—(સ્વગત) નક્કી નવી નાશી જવાની;
લાડવઇ—ગોરી મદન સદનમાં મ્હાલે,
ત્ર્યંબક—(સ્વગત) મન મોહ્યું ગુલાબી ગાલે—હું ચાલું.

૧૭

ફરશુરામ—ગોળખાઓ લ્યો ત્ર્યંબક તડાકીયા
ત્ર્યંબક—લાવો લાવો ફરશુરામ ફડાકીયા;
ગોર—બંને જુઠ્ઠાને લુચ્ચા હડાકીયા—ગોળખાઓ૦
ફરશુરામ—કન્યામાં કંઇએ કેણુ નથી, તમે હૈયામાં હિંમત ધારજો,
ત્ર્યંબક—વર છે રૂપાળો વિદ્વાન વરણાગીયો;
કામ દેવ કેરો અવતારજો—ગોળખાઓ૦
ગોર—જોશીને વૈદ મળ્યા વેવાઇ હોંસીલા,
ઘડીઆં લગન નિરધારજો;
વહેલા પધારજો મળજો મંડપમાં,
આનંદ આવશે અપારજો—ગોળખાઓ૦

નારદ— ૧૮

સફળ છે સંતની સાચી કમાઈ (૨)
સંતની સંગત ભવ જળ તારણુ,
વેદ પૂરાણે ગાઇ... ... ...સફળ છે૦

ધ્રુવ પ્રહ્લાદને અંબરીષ રાજા,
ભક્તિ ધ્વજા ફર કાઇ... ... ...સફળ છે૦

રત્નમાળા— ૧૯

સુખદ નંદન વન વિહાર ઉપવન,
શુદ્ધ સુર સરિત જળ સુર સ્ત્રિયન ક્રીડન;
નજરા નજરાય યમડર દુઃખ વિપત્તિ,
યુવાની જીંદગાની રહે સ્વર્ગે સદા બની-સુખદ૦

લક્ષ્મી— ૨૦

બીજલી ચમકે બાદલમાં, ચંદા છુપે નભમંડળ,
બરસાકી છાઇ ઝડીયાં, તરસાવે જો મનમોહન-બીજલી૦
બંસરી અધરપર રાજે, બજાવે શ્યામળો સુંદર,
હાથમેં ફુલ છડી છાજે, કાનેમકરાકૃત કુંડળ-બીજલી૦
તિલક કેશરી ભાલે, માલા વૈજંતી મોહન,
સાંવરી સુરત પેંવારી, રંગીલા લાલ લોચન-બીજલી૦

સખીઓ— ૨૧

લાડકડી તારા લાડ કોડ સૌ પુરાકરશે કંથ,
સખી તું શીખજે પ્રેમનો પંથ ગ્રંથ (૨)-લાડકડી૦
પ્રિયતમ જ્યારે મંદિર પધારે, સામી લેવાજાજે,
સ્નેહપુષ્પથી સ્વામ વધાવી, પતિગુણ ગીતાગાજે;
ચરણ પખાળી પ્રાણનાથનાં, વિંજણ લે વાયુ વાજે રે-લાડકડી૦

લક્ષ્મી—હું છું નાની નાર નવેલી પ્રથમે શરમ બહુ આવે,
છબીલા કદી છણુકાઇ જાયને, મુજને નહિ બોલાવે;
ચાલાકી બતલાવો એવીકે, રસિયો મને રીઝાવેરે—લાડકડી૦

સખીઓ—ખાનપાન ભોજનની સેવા, નિજ કરમાં તું રહાજે,
સ્નેહ મંદિરે શ્યામ બોલાવી, અંતર ઉભરા ગાજે;
નયન કટાક્ષે લાલ લોભાવી, અધરામૃત પીજે પાજેરે—લાડકડી૦

વિષ્ણુ— ૨૨

આનંદ થાએ અંતરમાં મુજને,
આજ છબી જોઇ—આનંદ૦
સાગર તનયા શુચી રત્ન સમાન,
સુશૃંગાર, નોજેસાર, સુખકાર,
અમીધાર, પારાવાર—આનંદ૦

લક્ષ્મી— ૨૩

જાઓ જાઓ ના સતાવો, ઠગારા છબીલા છેલ;
આઘા રહો અલબેલા અડશોમાં—જાઓ૦
અંક ભર્યાના સમ ખાઓ તો, સાચી વાત સમજાવું,
મન મોહન કાળા છો અડતાં હું કાળી થાઊં—આઘા૦

વિષ્ણુ—તું મુજને અડતાં શ્યામ બને, હું કેમ ન થાઉં ગોરો?
રસની ગાળો સાકર જેવી, આજ ઉતારૂં તોરો—આઘા૦

વિષ્ણુ— ૨૪

ભક્તને આધીન હું ભગવાન;
કથે છે વેદ વચન ગુણગાન—ભક્તને૦

ભક્ત છે મારા નેત્રના તારા,
ભક્ત છે મારા અમીના ધારા;
મમ વચન સત્ય પ્રમાણુ—ભક્તને૦
પ્રહર અષ્ટ કરું રક્ષા ન્યારી,
આશ પુરી કરું દિલમાં ધારી;
નિર્ભય વસો સુખ ધામ—ભક્તને૦

લાડવાઇ— ૨૫

આનંદ મંગળ ગાઓ, પરણાવી લેશું લહાવો;
મારી વેવાણુ રસીલી જોડી શોભશે;
સૂરજ—નિરખી કન્યા કહેશો, મુખ જોઇ તાકી રહેશો—મારી.
ગોર—વાહ ઠીક મળયું છે ટાણું, એક લુલું બીજું કાણું;
મળી વેવાઇને વેવાણું, ફેરા ફેરવોને ઝટ.—આનંદ૦
ત્ર્યંબક—ફુડાંકયા વૈદ જોશો, હોગીને દહાડે રોશો;
કેવી જાન જોડી હું આવું, દુનિયામાં ડંકા વાગશે—આનંદ૦
ફરશુરામ—તડાકીયા કહું તમને, અતિ ઉમેદ મનમાં અમને;
વાજાં વગડાવું જો જો, ફરશુરામનો ફડાકો—આનંદ૦

જયંત— ૨૬

મનની બધી મનમાં રહી આ જીંદગી એળે ગઈ,
કેદી થઇ અલી કમળમાં;
થતો મુકત ઉદયે ભાનુ.
મુજ ભાગ્ય વિધિ પલટયો;
કોને કહું જઈ આ બીના.—મનની૦

સર્વ દેવો— ૨૭

જય જય શચી પતિ મહારાજ;
ત્રિભુવન મંડળના શિરતાજ.
બળ પ્રતાપ અમાપ જામો,
કીર્તિયશ અપાર પામો.—જય૦
ચર્ણે નામી કીર્તિમાન,
આશિષ અર્પે વિજયવાન.—જય૦

વામન— ૨૮

અમૃતથી પણ અતિ મીઠીલાગે, માત પિતાની સેવા,
જનની જનકનાં પદપૂજન તે, મધુરા મધુરા મેવા-**અમૃતથી.**
સ્નાન ધ્યાન સંધ્યા તર્પણ કરી, અગ્નિહોત્ર સુધારે,
પ્રેમે ન પૂજે માતપિતા પદ, વૃથા વખત તે ગાળે-**અમૃતથી.**
માતા દેવી પાર્વતી, પિતા શિવ મહાદેવા;
સપુત પુત્ર આ સંસારમાં. કરે પિતૃ પદ સેવા-**અમૃતથી.**

ત્રંબક— ૨૯

કરી છેનરપિંડી કન્યા લુલી પરણાવી જઈ,
ફરિયાદ કરું છું સરકારમાં;
ફરશુરામ—ચંદરોયો શંકરીયો, વરછે કાણો,
તળતારું તપાસ પળવારમાં.
ત્રંબક—કેતોતો કન્યા છે ચંપાની પાંખડી,
ફરશુરામ—કામદેવ જેવાની ફુટેલી આંખડી;
ત્રંબક—લુચ્ચાના પીર તને, જાણ્યો ફડાકિયા,

ફેરશુરામ—ઠગ છે પાટણનો તું, ત્રંબક તડાકીંયા
ત્રંબક—ચુપ, ચુપ, ચુપ,
ફેરશુરામ—જા, જા, જા;
ગોર—અહીં નથી ધરાળકે ઉલાળમાં-કરી.

રત્નમાળા— ૩૦

રજની અપાર દુઃખની સ્વામી ગઇ વીતી,
ઉષા આનંદની આ જુઓ કેવી શોભતી;
હર, વૃક્ષ, પત્ર, પુષ્પ, આ ખીલે, હસે, ઝુલે,
પણે મધુર પક્ષી ગાનથી ડાળી ડાળી ઘુમે;
જયંત—ઘટ માળ ભાગ્યની એ રીત ભરાઇ પળ પછી,
થઇ ખાલી ફરી ફરી ભરાઇ, વળી ઢળી જતી -રજની.

રત્નમાળા— ૩૧

હું ચતુરા ચિત્તના ચિંતામણિ, માનુનીના મંગળ શૃંગાર;
આપ પ્રીતમ વર કલ્પતરુ, તો હું છાયા રૂપ સદા થનાર,
જયંત—તું છે ભૂતળની વિશુદ્ધ ચંદા, મુજ મન સાગર ઉછાળનાર,
મુજ દરિદ્રની તું લક્ષ્મી, મુજ હૃદય કમળમાં બીરાજનાર;
રત્ન—આપ વસંતના વાયુ સુગંધિત, તો હું સુગંધી સહવસનાર,
ભલે મળયા મુજ ભાગ્ય યોગથી, મનવાંચ્છિત ફળના દાતાર.

વૈરાટ સ્વરૂપ દર્શન.

[સાખી— ૩૨

ધન્ય માત જે નૃપ બલિ તણી, વચને વર્યો પાતાળમાં,
વામન રૂપે છળ કરી હરિ, બલિને ચઢાવ્યો તારમાં;
છડીદાર થઇ રહેવું પડયું, હરિની કળા હેઠી પડી,
સાચા વચનથી શોભીયો, બલિરાજ ધન્ય તુજ આ ઘડી.

ॐ शान्तिः शान्तिः शान्तिः

સમાપ્ત.

☞ ભીખા કલ્યાણજીની કંપનીનું.

તાવનું અકસીર મિક્ષ્ચર—આ મિક્ષ્ચર ટાઢીઆ, આંતરીઆ, મેલેરીઅલ અને ખરાબ ઋતુમાં ફાટી નીકળતા સર્વે જાતના ઝેરી તાવ ઉપર રામબાણ અસર કરે છે; કારણકે તે નાશકારક જંતુઓને નાબુદ કરવામાં આબાદ છે. બાટલી એકની કીંમત બાર આના.

ગાન્ડીવએન્ટી-રૂમેટીક બામ—(એક ઘણોજ અસર અને લાભકારક મલમ) આ મલમ શરીરે ચોળવાથી સંધીવા, પક્ષાઘાત, ધ્રુજારી, અને ધનુર્વા સરખા રોગને આ મલમે મટાડયા છે. હાથ પગનું રહી જવું, શરીરના કોઇ પણ અવયવ ઉપર સોજો ચઢી આવવો, સ્ત્રીઓના કેટલાક ભયંકર રોગો જેવા કે સુવાવડ અને ગર્ભાશયના રોગો થઇ ગયા પછી કમ્મર અને પગ ઝલાઇ જવા માથામાં થતો કોઇપણ પ્રકારનો દુઃખાવો થવો વિગેરે તમામ દરદોને આ મલમ તાત્કાલિક રીતે ફાયદો આપી શરીરમાં શુદ્ધ ગરમી ઉત્પન્ન કરે છે. કીંમત શીશી એકના આઠ આના.

* આ સિવાય બીજા તમામ જાતનાં દરદોની અકસીર દવાઓ અમારી કંપનીમાં મળે છે, જેનું પ્રાઇસલિસ્ટ મંગાવી અનુભવ લઇ ખાત્રી કરો.

શેખ મેમણ સ્ટ્રીટ
મુંબઇ. } ભીખા કલ્યાણજીની કંપની.

મોરબી નાટક કંપનીનાં

સચિત્ર મોટાં પુસ્તકો.

દરેક કોમની સ્ત્રીઓને સદ્બોધગ્રહણ કરવા યોગ્ય, પાતિવ્રત્ય પ્રભાવદર્શક અત્યુત્તમ પુસ્તકો.

સુકન્યા-સાવિત્રી નાટક—(રંગબેરંગી બાવીસ સુંદર ચિત્રો સહિત) મૂલ્ય રૂા. ૧—૮—૦.

મહાસતી અનસૂયા નાટક—(નામદાર ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ ઈનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કરેલું સુંદર ચિત્રો સહિત) મૂલ્ય રૂા. ૧—૪—૦.

ભર્તૃહરિ નાટક—(સચિત્ર) મૂલ્ય રૂા. ૧—૪—૦.

ચાંપરાજ, ત્રિવિક્રમ, ત્રિયારાજ, જગદેવ પરમાર, રાણકદેવી, ચંદ્રહાસ, રાજસિંહ. એ પ્રત્યેકનું મૂલ્ય રૂા. ૧—૦—૦

મૂળજી આશારામ ઓઝા.